GJSN110002552026

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ | | |
| રજુ તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૩૧/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | મહીનો | દીવસ |
| | ૦૦ | ૦૧ | ૧૯ |

सत्यमेव जयते

## મહેરબાન ચુડાના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં

રે.દિ.મુ.નં. ૦૯/૨૦૨૬

આંક – ૨૬

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.,

હે.નવા મૌવા રોડ, રાજકોટ.

સબ–ડીવીઝન, મું.તા.ચુડા, જી.સુરેન્દ્રનગર. ......વાદી.

<u>વિરુધ્ધ</u>

ધુડાભાઈ ભગાભાઈ ઉર્ફે જાગાભાઈ વાઘેલા,

ઉ.વ.આ. ૫૫ , ધંધો–ખેત મજુર,

રહે. કોરડા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર. ...પ્રતિવાદી.

**<u>બાબત :– દાવો રૂા.૧૨,૨૪૮.૭૬ પૈસા વસુલ લેવાનો.</u>**

<u>-:: Appearance::-</u>

For the Plaintiff ::- વિધ્વાન વકીલશ્રી બી.જે.દ્વીવેદી.

For the Defendant ::- એક તરફી...........

**:: ઠરાવ ::**

(૧)... વાદીના દાવાની ટુકમાં હકિકત એવી છે કે, વાદી કંપની ગુજ. ઈલે. સીટી એકટ તેમજ સપ્લાય એકટ નીચે રચાયેલી કંપની છે. વાદી કંપનીની મુખ્ય ઓફીસ રાજકોટ મુકામે આવેલ છે તેમજ કંપનીની વર્તુળ કચેરી સુરેન્દ્રનગર મુકામે આવેલ છે અને ચુડામા સબ ડીવીઝન આવેલ છે. આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નહી હોવા છતાં આ કામના પ્રતિવાદી બિનઅધિકૃત રીતે પાવર ચોરી કરતા પકડાયેલ છે. વાદી કંપનીના ચેકીંગ અધિકારી શ્રી આર.એન.શેઠ નાયબ ઈજનેર તથા અન્ય લાઈન સ્ટાફના માણસો સાથે ચુડા તાલુકાના કોરડા ગામમા તા.૨૫/૧૦/૨૦૨૪ નારોજ પ્રતિવાદીના સરનામે પ્રતિવાદીની હાજરીમા ચેકીંગ કરતા તેઓને ત્યાં પી.જી.વી.સી.એલ.નું કાયમી વિજ જોડાણ નથી. તેઓએ પોતાના મકાનની નજીક આવેલ પી.જી.વી.સી.એલ. કંપનીના હળવા દબાણ વાળો વીજ લાઈનના પોલ પર પીળા રંગના પ્રાઈવેટ વાયરનું બીન અધિકૃત રીતે જોડાણ લઈ તે વાયર તેમના ઘરમાં રહેલા વીજળીના ઉપકરણો સાથે જોડી વિજળીનો ગેરકાયદેસર રીતે વિજ વપરાશ કરતા પકડાયેલ હોય, સ્થળ પરથી આશરે ૫ મીટરનો પીળા રંગનો વાયર કબ્જે કરેલ છે, પ્રતિવાદી કુલ ૦.૫૫૦ કી. વોટનો વપરાશ કરતા માલુમ પડેલ હોય ચેકીંગ અધિકારીએ સ્થળ ઉપર રોજકામ કરી ચેકીંગ ચાર્જશીટ તૈયાર કરેલ ત્યારબાદ પ્રતિવાદીને વિજ અધિનિયમની કલમ-૧૩૫ મુજબનું રૂા. ૯,૮૪૫ પૈસાનુ બીલ આપવામા આવેલ તેમ છતા આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીને બિલની રકમ ભરપાઈ કરેલ નથી. આમ વાદીએ આ કામના પ્રતિવાદીને રકમ વસુલ આપી જવા માટે નોટીસ આપેલ તેમ છતા બિલની રકમ વસુલ આપેલ નહિ જેથી અનઅધિકૃત વિજ વપરાશના રૂા. ૯,૮૪૫ પૈસા તથા ડી.પી.સી. ચાર્જનાં રૂા. ૨,૪૦૩.૭૬ પૈસા એમ કુલ મળી રૂા. ૧૨,૨૪૮.૭૬ પૈસાનો દાવો વાદી બોર્ડના નિયમ મુજબ ૧૮% ના ચડતા વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકાર

ની જાત તથા મિલ્કતથી વસુલ કરી શકાય તેવુ વાદીના લાભમા અને પ્રતિવાદી સામે હુકમનામુ કરી આપવા વાદીએ હાલનો દાવો કરેલ છે.

(૨)... આ કામના પ્રતિવાદીને નોટીસ કરવામા આવેલ જે નોટીસ આ કામના પ્રતિવાદીને ધોરણસર બજવા છતા પ્રતિવાદી જાતે અગર વકીલશ્રી મારફત કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે વાદીના દાવાનો કોઈ જવાબ રજુ કરેલ ન હોય કે કોઈ રીપોર્ટ આપેલ ન હોય, પ્રતિવાદી વિરૂધ્ધ એક તરફી કામ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩)... આ કામે વાદી તરફથી નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>-: મૌખિક પુરાવો :-</u>**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૦૭ | વિપુલભાઈ રવજીભાઈ નાકિયાનું સરતપાસનું સોગંદનામુ. |

**<u>-: દસ્તાવેજી પુરાવો :-</u>**

| **ક્રમ** | **આંક** | **વિગત.** |
|---|---|---|
| ૧. | ૦૯ | તપાસણી અહેવાલ |
| ૨. | ૧૦ | સ્થળ રોજકામ |
| ૩. | ૧૧ | ડી.પી.સી. કેલ્ક્યુલેશન શીટ |
| ૪. | ૧૨ | વાદી કંપનીએ પ્રતિવાદીને વીજ અધિનિયમ-૨૦૦૩ ની કલમ ૧૩૫ હેઠળ નોંધાયેલ વિજ ચોરી અંગેનુ રજી.એડીથી આપેલ બિલ તથા ફોરવર્ડીંગ લેટર |
| ૫. | ૧૩ | પ્રતિવાદીને આપેલ વીજ ચોરીનું બિલ |

| | | |
|---|---|---|
| ૬. | ૧૪ | પ્રતિવાદીને કમ્પાઉન્ડીંગ ચાર્જ ભરવા માટે મોકલેલ બિલ |
| ૭. | ૧૫ | એનેક્ષર–સી |
| ૮. | ૧૬ | પ્રતિવાદીને રજીસ્ટર એડી મોકલ્યાની પહોંચ |
| ૯. | ૧૭ | ફોર્મ નંબર–૦૨ |
| ૧૦. | ૧૮ | સ્થળ રોજકામ |
| ૧૧. | ૧૯ | પ્રતિવાદીનો વાયર કબ્જે લીધા અંગેનું એનેક્ષર–૦૪ |
| ૧૨. | ૨૦ | વાદીનો એફ.આઈ.આર. નોંધાવવાનો પત્ર |
| ૧૩. | ૨૧ | પ્રતિવાદી સામે નોંધાયેલ એફ.આઈ.આર.ની નકલ |
| ૧૪. | ૨૨ | વાદીએ પ્રતિવાદીને ર.જી.એડી થી આપેલ લીગલ નોટીસ |
| ૧૫. | ૨૩ | વાદી કંપનીએ પ્રતિવાદીને આપેલ રજી.એડી મળ્યા અંગેની પહોંચ |
| ૧૬. | ૨૪ | દાવો દાખલ કરવા અંગે અધિકાર આપતો પીજીવીસીએલ કંપનીનો પત્ર |

(૪)... આ કામે વાદી તરફથી આંક– ૨૫ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરવામાં આવેલ છે, તથા વાદી તરફેના વિ.વ.શ્રીની દલીલ સાંભળવામાં આવેલ છે જેની ચર્ચા મુદ્દાની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે.

(૫)... સદરહું દાવાના ન્યાયીક નિર્ણય સારુ આંક– ૦૬ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

<u>:: મુદ્દાઓ ::</u>

| | |
|---|---|
| ૧ | શું વાદી એ હકીકત પુરવાર કરે છે કે પ્રતિવાદી પાસે વાદીના પૈસા બાકી લેણા છે? |
| ૨ | શું વાદી માંગ્યા મુજબનુ વ્યાજ મેળવવા હકકદાર છે? જો હા તો કેટલુ? |

| | |
|---|---|
| ૩ | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા માટે હકકદાર છે ? |
| ૪ | શું હુકમ અને હુકમનામુ ? |

(૬)... ઉપરોકત મુદ્દાના મારા ન્યાયીક નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. અંશત:હકારમાં.

૩. અંશત: હકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

**<u>:: કારણો ::</u>**

(૭)... **<u>મુદ્દા નં. ૧ :–</u>**

આ કામે વાદી એવો દાવો લઈને આવેલ છે કે, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતા પ્રતિવાદીએ વીજ પોલ પરથી જોડાણ કરી વિજ વપરાશ કરેલ છે જે અંગેનુ પ્રતિવાદીને બીલ આપવામાં આવેલ છે તેમ છતાં પ્રતિવાદીએ બીલની રકમ ન ભરતાં હાલનો દાવો કરેલ છે અને દાવા મુજબ દાદ માગેલ છે જેના અનુસંધાને પ્રતિવાદીએ હાજર થઈને દાવાનો જવાબ રજુ કરેલ નથી અને પ્રતિવાદીને જવાબ રજુ કરવા માટેની તક આપવા છતાં પ્રતિવાદી તરફથી કોઈ જવાબ રજુ કરેલ ન હોવાથી તેમના જવાબનો હકક બંધ કરી, કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ મુદ્દાઓ મુકરર કર્યા બાદ વાદી તરફથી પુરાવો લેવામાં આવતાં વાદી તરફે આંક–૦૭ થી વિપુલભાઈ રવજીભાઈ નાકિયા નું સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે જેમાં દાવાની હકીકતો જણાવેલ છે અને દાવા મુજબની દાદ માગેલ છે અને પ્રતિવાદી ધ્વારા કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી અને વાદીએ દાવાના સમર્થનમાં આંક– ૦૯ થી ૨૪ના ઉપરોકત દસ્તાવેજો

ઉપર આધાર રાખે છે, આ કામના પ્રતિવાદીએ આ કામે હાજર થઈને વાદીના દાવાનો કોઈ જવાબ આપેલ નથી કે કોઈપણ પ્રકારની રજુઆત કરવામાં આવેલ નથી તથા પ્રતિવાદીને પોતાને બીલ આપવામાં આવેલ નથી કે નોટીસ આપવામાં આવેલ નથી તેવી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી, અને વાદી કંપની તરફથી જે પુરાવો તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે તેની હકીકતો ખોટી છે કે તેના વિરુધ્ધનો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે સોગંદ ઉપર પુરાવો આપીને વાદીની કોઈ હકીકતને કે દસ્તાવેજી પુરાવાને પડકારેલ નથી, જેથી વાદી કંપની તરફથી જે પુરાવો તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તેને નહી માનવાને કોઈ કારણ નથી, આ કામે રજુ થયેલો પુરાવો તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને અને ઉપરોકત કરવામાં આવેલી પુરાવાની ચર્ચા ધ્યાને લેતાં આ કામના પ્રતિવાદીએ જે વિજ વપરાશ કરેલ છે તે અંગેનું બીલ આપવામાં આવેલ છે, પરંતુ તે પૈકીની કોઈ રકમ પ્રતિવાદીએ વસુલ આપેલ નથી અને જો આપેલ હોય તો તે અંગેના કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી જેથી પ્રતિવાદીએ જે વિજ ચોરી કરેલ હોય જે અનઅધિકૃત વિજ વપરાશના રૂા. ૯,૮૪૫ પૈસા તથા ડી.પી.સી. ચાર્જનાં રૂા. ૨,૪૦૩.૭૬ પૈસા એમ કુલ મળી રૂા. ૧૨,૨૪૮.૭૬ પૈસા જે દાવા અરજીમાં જણાવેલ છે. જે રકમ વસુલ મેળવવા વાદી કંપની ધ્વારા આ દાવો કરવામાં આવેલ છે અને તેના અનુસંધાને વાદી ધ્વારા જે સાહેદને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ દાવો દાખલ કરનાર અધિકારી છે, અને સોગંદનામું પણ કરેલ છે. વાદી કંપની તરફથી કંપની વતી પોતાની ફરજના ભાગ રૂપે દાવો દાખલ કરી શકે છે તથા પ્રતિવાદી તરફથી વાદીના સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ ન હોવાથી, જેથી પણ વાદી કંપની સાહેદ ધ્વારા જે પુરાવો તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે તેને નહી માનવાને કોઈ કારણ નથી. કારણ કે વાદી કંપનીના નિયમો અનુસાર અને જે તે સમયે જે અધિકારી ફરજ

બજાવતા હોય તેઓ ધ્વારા દસ્તાવેજી પુરાવા તૈયાર કરવામાં આવેલ હોવાથી જેથી તેવા દસ્તાવેજો કંપનીના દસ્તાવેજ હોવાથી નહી માનવાને કોઈ કારણ નથી. જેથી ઉપરોકત કરેલ તમામ ચર્ચાના અંતે મુદ્દા નં. ૧ ની હકીકત સાબિત થતી હોવાથી તેનો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૮)... **<u>મુદ્દા નં.૨ :–</u>**

આ કામે વાદી કંપની ધ્વારા પોતાની લેણી રકમ રૂા. ૧૨,૨૪૮.૭૬ પૈસા ઉપર ૧૮% વાર્ષિક વ્યાજ સાથે માગણી કરવામાં આવેલ છે. આથી આ મુજબનું વ્યાજ વાદી કંપની મેળવવા હકકદાર છે કે કેમ ? તે અંગે જોઈએ તો વાદી કંપની એક સ્વાયત્ત કંપની છે અને પોતાનો વહીવટ નાણાથી ચાલે છે અને પ્રતિવાદીએ વાદીની લેણી રકમ કોઈપણ જાતના કારણ વગર રોકી રાખેલ છે અને રોકી રાખવા માટેનું કોઈ વ્યાજબી કારણ રજુ કરવામાં આવેલ નથી ત્યારે વાદી કંપની પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા માટે હકકદાર હોવાનું અત્રેની અદાલતનું માનવુ છે. આથી હાલના મોઘવારીના દર અને વ્યાજના દર ધ્યાનમાં લેતાં અને વાદી કંપની ધ્વારા જે વ્યાજની માગણી કરવામાં આવેલ છે તે અંગેનો કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે કોઈ એગ્રીમેન્ટ રજુ કરવામાં આવેલ ન હોવાથી વાદી કંપનીને પ્રતિવાદી પાસેથી દાવાવાળી રકમ પૈકી મુદ્દલ રકમ વાર્ષિક ૬% લેખે વ્યાજ વસુલ અપાવવામાં આવશે તો વ્યાજબી અને ન્યાયી ગણાશે તેથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદી કંપનીને પ્રતિવાદી પાસેથી તેમની મુદ્દલ રકમ રૂા.૧૨,૨૪૮.૭૬ પૈસા ઉપર વાર્ષિક ૬% ટકા લેખે વ્યાજ વસુલ અપાવવાનું ઉચિત જણાતું હોવાથી મુદ્દા નં.૨ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.

(૯)... **<u>મુદ્દા નં. ૩ :–</u>**

આ કામે વાદી કંપની તરફથી પ્રતિવાદી વિરુધ્ધ દાવો દાખલ કરી, દાવા મુજબની દાદ માગવામાં આવેલ છે, જે અનુસંધાને ઉપરોકત કરેલ મુદ્દાઓની ચર્ચા તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં જણાઈ આવે છે કે, વાદી કંપની તરફથી તેમની દાદ મુજબ રૂા.૧૨,૨૪૮.૭૬ ની રકમ પર વ્યાજની માગણી કરેલ છે તે મુજબ વાદી કંપની વાર્ષિક ૬% લેખે વ્યાજ મેળવવા હકકદાર થતા હોઈ, સદરહું મુદ્દાનો જવાબ અંશત:હકારમાં આપી, મુદ્દા નં.૪ પરત્વેનો આખરમાં જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧)... વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨)... વાદી કંપની પ્રતિવાદી પાસેથી દાવાવાળી રકમ પૈકી મુદલ રકમ રૂા.૧૨,૨૪૮.૭૬ પૈસા (અંકે બાર હજાર બસો અડતાલીસ રૂપિયા અને છોતેર પૈસા પુરા) દાવાના દાખલ તારીખથી તેમજ વસુલ ન થાય ત્યાં સુધી વાર્ષિક ૬% ના વ્યાજ સાથે થતી રકમ તથા હાલના દાવાના તમામ ખર્ચ સાથે વાદી કંપનીને પ્રતિવાદી ની જાત તથા હરેક પ્રકારની માલ મિલકતમાંથી વસુલ લેવા હકકદાર ઠરાવું છું.

(૩)... હુકમ મુજબ હુકમનામું દોરવું.

ઉપરોકત હુકમ આજ તા. ૩૧ મી, માહે : જુલાઈ , સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ચુડા.

તારીખ. ૩૧/૦૭/૨૦૨૬

**(પ્રદિપકુમાર રામસિંહ ચંપાવત)**
પ્રિન્સીપાલ સીવીલ જજ, ચુડા
યુ.આઈ.સી. નં.જીજે૦૧૫૬૬.